# મહીલા સ્વાતંત્ર્ય સેનાની શ્રીમતિ સુમતિબહેન મોરારજીનો આર્થિક વિકાસમાં ફાળો

ડો. લતાબેન શામજીભાઇ ચૌધરી
સરકારી વિનિયન કોલેજ
કઠલાલ. જી.ખેડા.

ભારતનાં સ્વાતંત્રય સગ્રામમાં ગુજરાતનું પ્રદાન અનેક ઘણું રહેવા પામ્યું છે. ગુજરાતમાંથી અનેક યુવાન વિધાર્થીઓ, વડીલો, વૃધ્ધો, મહીલાઓએ લડત તથા સમાજની ઉત્થાનની પ્રવૃતિમાં ભાગ લઇ પ્રેરણાદાયક કામગીરી કરી હતી.

ગુજરાતમાંથી જે મહીલાઓએ આઝાદીની લડતમાં ભાગ લઇ, રાષ્ટ્ર તથા સમાજ ઉત્કર્ષની સાથે સાથે દેશના આર્થિક વિકાસમાં પણ મહત્વની કામગીરી કરી હતી. તેમાં શ્રીમતિ સુમતિબહેન મોરારજી(ઇ.સ.૧૯૦૯)નો ફાળો ઘણો મહત્વનો હતો.

શ્રીમતિ સુમતિબહેન મુંબઇ નિવાસી, પિતા મથુરદાસ ગોકળદાસ સાસરી પક્ષ વહાણ ઉધોગના વ્યવ્સાયમાં હતાં. તેમના સસુર તે આગેવાન અને સાહસિક ઉધોગપતિ શ્રી નરોતમદાસ મોરારજી, તેમણે શિક્ષિત ઘરની બહેનોને પોતાના વ્યવ્સાયમાં તક આપી, શ્રી નરોતમદાસની આ સાહસ અને વ્યવ્સાયના સૂઝની અસર સુમતિબહેન પર પડી, ૧૯૨૯માં શ્રી નરોતમદાસનુ એકાએક નિધન થવાથી આ જવાબદારી થી સુમતિબહેન વિચલિત થયા વગર ધી સિંધિયા સ્ટિમ ની નેવિગેશન કંપનીની સઘળી જવાબદારી હાથમાં લીધી, આ જોખમી અને હજારો અડચણવાળો ઉધોગ સુમતિબહેન બાહોશીથી વ્યાપારીક સુઝથી, ખંતથી આશ્ચર્યજનક રીતે વિકસાવ્યો, કંપની જયાં વહાણો તૈયાર થતા ત્યાં જ્યાં સુધી વહાણ તરતું ના મુકાઇ એટલે કે વહાણ વેપારી સફર સફળતાપૂર્વક પાર ન કરે ત્યાં સુધી પોતે ખડે પગ રહેતા, દરેક બારીક વસ્તુની જાત તપાસ કરતા, તેમની દેખરેખ હેઠળ “જાત રાજેન્દ્ર" નામનુ વહાણ બ્રિટનમાં તૈયાર થયુ,તેનુ નિરીક્ષણ અને તેની ચોકસાઇની ખાતરી કરવા પોતે બ્રિટન ગયા, જાત તપાસ પછી જ તેમણે લીલી ઝંડી આપી, ભારતનો વેપાર દરીયાઇ માર્ગ દ્વારા ધીકતો કરવાનુ શ્રેય આપણી ગુજરાતી મહીલાને ફાળે જાય છે. અન્ય વેપારોને આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવવાનું માન પણ સુમતિબહેનની સાહસિકતાને જ જાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વહાણવટાના વિકાસ અંગે ભરાતી અનેક પરીષદોમાં તેમણે સક્રીય ભાગ લીધો અને ભારતનુ ગૌરવ વધાર્યુ, યુરોપના અનેક બંદરોનું જાતે નિરીક્ષણ કરી ત્યાંના કામકાજનો અભ્યાસ કરી ભારતના વહાણવટા ઉધોગને

વિકસાવ્યો, ભારતના વહાણવટા ઉધોગને વિકસાવવા પુરતુ જ તેમનુ કામ ન હતું. પોતે એક મહીલા હતા અને દુખદર્દમાં એકબીજાને સહાયભૂત થવું એ બહેનો વધુ સારી રીતે સમજી શકે છે. સુમતિબહેન પણ ઘણી પ્રવૃતિઓ સાથે સંકળાયેલ હોવા છતા કર્મચારી વર્ગના સુખદુખ અને કલ્યાણ પ્રત્યે હંમેશા સજાગ રહેતા, તેમના પશ્નોમાં રસ લેતા, કુટુંબના વડીલ દાદીમાની પેઠે તેઓ કર્મચારીઓ સાથે વ્યવહાર રાખતા, તેમના પશ્નોને અંગત પશ્નો સમજી સ્નેહભાવથી તેનુ નિવારણ કરતા,

ભારતના મહાન વેપાર સાથે સંકળાયેલા હોવા છતા ભારતની સ્વતંત્રતા, રાષ્ટ્રીય પ્રેમ જાગૃતિ વગેરેને સારી રીતી જાણતા હતા. રાષ્ટ્રીય આંદોલનની પ્રવૃતિઓથી તેઓ કયારેય અલગ રહ્યા નહી, ઉધોગ માટે પરદેશીઓ સાથે ખાસ કરીને બ્રિટીશ સતાવાળાઓ સાથે વ્યપાર સંબધો સારા સાચવવા જોઇએ તેમ તેઓ સમજતા હતાં તથા જો પોતે રાષ્ટ્રીય પ્રવૃતિમાં જોડાઇ તો વેપાર પર તેમની શી અસર થશે તે જાણતા હોવા છતાં પોતાની જાતને ગાંધીજીની અહિંસક લડત સ્વતંત્રતાની લડતમાં જોડાતા રોકી શક્યા નહી, દેશની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા પરદેશીઓ સાથે અહિંસક લડત લડવા દેશના નેતાઓ સાથે તે બરાબર સંપર્કમાં રહેતા. ૧૯૪૨ ની હિંદછોદો લડત દરમ્યાન તેમનુ ઘર ભુગર્ભ પ્રવૃત્તિ કરનારાઓનુ કેન્દ્ર બની ગયું હતું ગાંધીજી સાથે તેમના નજીકના સબંધો હતાં, તે અવારનવાર ગાંધીજીનુ માર્ગદર્શન પણ લેતા હતાં અને સલાહ સુચનોને પોતાના કાર્યમાં ઉતારતા,

સુમતિબહેન એકલા વેપારી નહોતા, તેઓ કલાપ્રેમી પણ હતાં, તેમનું સંગ્રહ સ્થાન કલાની બેનમુન ચીજવસ્તુઓનું સુંદર ધામ હતું. વ્હાણવટાના સંશોધન માટે સૌપ્રથમ એક સુંદર પુસ્તકાલય તેમણે વિકસાવ્યુ, સુમતિબહેન સાહસિક, બુધ્ધીશાળી, વેપારી અને વહાણવટીના સુકાની હતાં, તેઓ ગુજરાતના જ નહીં પણ સમગ્ર ભારતના એક માત્ર વહાણવટાના સુકાની મહીલા હતાં.

## સંદર્ભસૂચિ

૧. કુમારી સૈયદ, રફીકાસુલતાના (1996). રાષ્ટ્રીય આદોલનમાં ગુજરાતની મહીલાઓનું યોગદાન. પ્રકાશક- નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ. (પૃ.૨૦૬ અને પૃ-૨૦૭)